# શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં આંશિક વધારો : વધુ ૧ દર્દીનું મોત

## ત્રીજી લ્હેરનો મૃત્યુઆંક ૨૦ થયો : ગાંધીનગર શહેરમાં ૧૨ કેસ નોંધાયા : ગ્રામ્યમાં ૬ કેસ, કુડાસણમાં ૩, સરગાસણ-પાલજમાં ૨-૨ કેસ : ગાંધીનગર તાલુકામાં ૫ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં આંશિક વધારો થયો છે. શહેર-જિલ્લામાં આજે કોરોનાના ૧૮ કેસ નોંધાયા છે. શહેરમાં ૧૨ કેસ તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ૬ કેસ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલ એક મહિલા દર્દીનું ૧૫મી ફેબ્રુઆરીના રોજ મોત થયુ હતુ જેની આજે ચકાસણીને અંતે કોરોનાથી મોત થયાનો સ્વીકાર તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાથી અત્યાર સુધીમાં ૧૧ અને શહેરમાં નવ દર્દીના મોત સાથે ત્રીજી લ્હેરનો મૃત્યુઆંક ૨૦ પર પહોંચ્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગર તાલુકામાં પાંચ અને કલોલમાં ૧ કેસ નોંધાયેલ છે. આજે નોંધાયેલ કેસમાં બે મહિલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસમાં તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર તાલુકાના નવા પાલજ ગામમાં આજે એક સાથે ત્રણ કેસ મળતાં તંત્રની ચિંતા વધી છે. આ ઉપરાંત સરઢવ તેમજ સાદરા ગામેથી પણ એક-એક કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકાના નારદીપુર ગામેથી કોરોનાનો એક કેસ મળી આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો તેમજ રિકવરી રેટ ઝડપથી સુધરી રહ્યાનો તંત્રએ દાવો કર્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા ૫ હજાર નજીક પહોંચવા આવી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૮૫૭ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા હોવાનું તંત્રએ જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૨ કેસ નોંધાયા છે. કોરોનાના કેસોમાં ચાલી રહેલી ઉતાર-ચડાવની સ્થિતિને લઈ તંત્રની ચિંતા વધી છે. ગઈકાલની તુલનામાં આજે વધુ ૪ કેસ નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલ કેસોમાં ૬ મહિલા દર્દી તેમજ ૬૦ થી વધુ વય ધરાવતા એક દર્દીનો સમાવેશ થાય છે.

શહેરમાં મોટાભાગના દર્દીઓ માઈલ્ડ સિમ્ટમ્સ ધરાવતા હોવાથી હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી રહ્યા છે. તંત્રએ હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું મોનીટરીંગ કરવા સાથે હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર કુડાસણમાં ૩, સરગાસણમાં ૨, પાલજમાં ૨ અને વાવોલમાં ૧ કેસ નોંધાયો છે. આ ઉપરાંત સે. ૨, ૨૪, ૫ અને ૩૦ માંથી પણ એક-એક કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસ સહિત ૧૨૩ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ ૯૦ ટકાને પાર થયો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.



કોરોના મહામારી બાદ સ્કૂલો ખૂલતા સ્કૂલોમાં ભારે ભીડ જોવા મળી રહી છે. વાલીઓ પોતાના વ્હાલસોયા બાળકોને લેવા-મુકવા જઈ રહ્યા છે તેની ભીડ જોવા મળી રહી છે. કોરોનાકાળ બાદ વાલીઓએ બાળકોની સ્કૂલો અમુક સંજોગો પ્રમાણે બદલી પણ દીધી છે. તેથી નવી સ્કૂલમાં એડમિશન અને નવી સ્કૂલમાં પ્રવેશતા બાળકોને થોડા સમય માટે વાલીઓ જ લેવા-મુકવા જવાનું પસંદ કરે છે. સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના આ દશ્યો છે જેમાં એક સાથે સ્કૂલની બહાર વાલીઓની ભીડ ઉમટી રહી છે. મારૂ બાળક ક્યારે આવે તેની વાટ જોતા માતા-પિતા...

# તબીબી ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસાર્થે વિદેશ જઈ રહેલા વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરની મેકિંગ ડોક્ટર્સ ઓર્ગેનાઈઝેશન દ્વારા તાજેતરમાં અમદાવાદના શાહીબાગમાં સરદાર પટેલ પોતાના પ્રવચન દરમિયાન તબીબી ક્ષેત્રમાં કામ કરી રહેલા ડોકટરોને ભગવાન સમાન ગણાવી તમામ કોરોના વોરિયર્સને કોરોના કાળ દરમિયાનના તેમના ડિગ્રી અને રિસર્ચ કરવા માટે તેમણે વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા. આ પ્રસંગે તેમણે કચ્છના ભૂકંપ સમયે તબીબી સેવાઓના સંસ્મરણો તાજા કર્યા હતા. આ સાથે તેમણે



નેશનલ મેમોરિયલ ખાતે તબીબી ક્ષેત્રમાં ઉચ્ચ અભ્યાસાર્થે વિદેશ જઈ રહેલા વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો જેમાં મુખ્ય અતિથિ પદે વિધાનસભાના અધ્યક્ષ ડો. નિમાબેન આચાર્યએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને તથા તેમના વાલીઓને પ્રોત્સાહિત કર્યા હતાં. નિમાબેન આચાર્યએ અથાગ પ્રયત્નોને બિરદાવ્યાં હતા અને વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરેલ ડોક્ટરના જીવનને જોઈને તેઓ ભાવુક થયા હતા. તબીબી અભ્યાસ માટે વિદેશ જઈ રહેલા 'મેકિંગ ડોક્ટર્સ ઓર્ગેનીઝેશન'ના વિદ્યાર્થીઓને ગુજરાતમાં મા ભોમની સેવાકાજે વતન પરત ફરી લોકસેવાનો તેમણે અનુરોધ કર્યો હતો અને વિવિધ ક્ષેત્રમાં માસ્ટર સંસ્થાપક ઉમંગ પટેલ સહિત સંચાલકોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક હેલ્થના ડાયરેક્ટર ડો. દિલીપ માવલકર અને ઈન્ડિયન મેડિકલ એસોસીએશન ગાંધીનગરના પ્રમુખ ડોક્ટર અનિલ ચૌહાણે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીને મળી યુજીસીની ૧૨-બી માન્યતા

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીને યુનિવર્સિટી ગ્રાન્ટસ્ કમિશન તરફથી ૧૨-બી માન્યતા પ્રદાન કરવામાં આવી છે. યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહના નેતૃત્વમાં આ સિદ્ધિ હાંસલ થઈ હોવાનું યુનિવર્સિટીના સ્ટાફે જણાવ્યું હતું. કુલપતિ હર્ષદભાઈ શાહે જણાવ્યું હતું કે આજે આપણા માટે આ એક આનંદનો અવસર છે. યુનિવર્સિટીના સર્વ સ્ટાફના પરિશ્રમ અને સહયોગથી આ સિદ્ધિ આપણે પ્રાપ્ત કરી શક્યા છીએ. યુનિવર્સિટીને વધુ ઊંચાઈ પર લઈ જવા તેમણે સૌને આહ્વાન કર્યું હતું. કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિએ સ્ટાફને સંબોધતાં જણાવ્યું હતું કે, યુ.જી.સી. તરફથી જે ૧૨-બી માન્યતા મળી છે તે બદલ તેમનો ધન્યવાદ છે. તેમણે કહ્યું હતું કે "વર્ષ ૨૦૦૭ પછી રાજ્યમાં સ્થપાયેલી સ્ટેટ યુનિવર્સિટીઓમાંથી જો કોઈ યુનિવર્સિટીને ૧૨-બી માન્યતા મળી હોય તો તે માત્ર ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી છે. આગામી સમયમાં યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના હવે રિસર્ચ સહિતની પ્રવૃત્તિને વેગ મળશે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી. ૧૨-બી પ્રાપ્ત કરવાની પ્રક્રિયામાં કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિ સાથે પ્રો. બી.ડી. ઢીલાએ પણ ઉમદા સહયોગ આપ્યો હતો. આ સિદ્ધિની જાહેરાત માટે યુનિવર્સિટીમાં યોજાયેલા કાર્યક્રમમાં સૌ સ્ટાફે આ માન્યતા મેળવવા માટે થયેલા સંઘર્ષને યાદ કરીને સૌએ કુલપતિ તથા કુલસચિવને અભિનંદન પાઠવ્યાં હતાં.



## ગાંધીનગર હોસ્પિટલ ખાતે લઘુરૂદ્ર યોજાયો

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે મૃતાત્માઓની શાંતિ માટે લઘુરૂદ્રનું આયોજન નર્સિંગ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેડીકલ કોલેજના ડીન ડૉ. શોભના ગુપ્તા, સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડૉ. નિયતિ લાખાણી, ડૉ. કલ્પેશ જશપરા, ડૉ. કલ્પેશ પરીખ, નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ જાગૃતિ પટેલ સહિત સ્ટાફના કર્મચારી ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# જામનગર-અમદાવાદ તાલુકાના રૂપિયા ૭૩૯ કરોડ મંજૂર કરાયા

## અમદાવાદમાં ઇન્ફ્રાસ્ટ્રકચર-ભૌતિક આંતરમાળખાકીય વિકાસના ૨૧૭ કામો માટે ૫૬૭.૭૬ કરોડ મંજૂર કર્યા

ગાંધીનગર, તા.૨૫

અમદાવાદ અને જામનગર મહાનગરપાલિકાઓને ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ કામો માટે કુલ રૂ. ૭૩૯ કરોડ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંજૂરી આપી હતી. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે આંતરમાળખાકીય વિકાસ કામોમાં અમદાવાદને ૨૩૮ કામો માટે રૂ. ૭૩૬.૧૦ કરોડ મંજૂર કર્યા હતા. જામનગર મહાનગરને રૂ. ૨.૭૨ કરોડ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના બે મહાનગરો અમદાવાદ અને જામનગરમાં કુલ ૭૩૮.૮૨ કરોડ રૂપિયાના આંતરમાળખાકીય વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ૨૦૨૧-૨૨ના વર્ષ માટે આ બે મહાનગરપાલિકાઓ દ્વારા વિવિધ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ વર્કસ માટે શહેરી વિકાસ વિભાગ તરફથી મુખ્યમંત્રી સમક્ષ દરખાસ્તો રજુ કરવામાં આવી હતી. તદઅનુસાર, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાં ફિઝીકલ ઈન્ફ્રાસ્ટ્રકચરલ ડેવલપમેન્ટ-ભૌતિક આંતરમાળખાકીય વિકાસના ૨૧૭ કામો માટે ૫૬૭.૭૬ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આ ૨૧૭ કામોમાં ડ્રેનેજ, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ, એસ.ટી.પી, સુએઝ નેટવર્ક, અલગ અલગ ૭ ઝોનમાં વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન, પાણીની લાઈન, બોરના કામ, રોડ રિસરફેસીંગ, થર્મોપ્લાસ્ટિક પેઈન્ટ લગાવવાના કામો વગેરેનો સમાવેશ થાય છે. ભૂપેન્દ્ર પટેલે આ ઉપરાંત સામાજીક આંતરમાળખાકીય વિકાસમાં હોસ્પિટલ બિલ્ડીંગ, મેડીકલ ઈક્વીપમેન્ટસ ખરીદી, કોમ્યુનિટી હોલ, કોવિડ-૧૯ સંલગ્ન આઈ.સી.યુ બેડ, ઓક્સિજન જનરેશન પ્લાન્ટ, અર્બન હેલ્થ સેન્ટર જેવા ૧૯ કામો માટે ૧૬૨.૮૪ કરોડ રૂપિયા અમદાવાદ મહાપાલિકાને ફાળવ્યા છે. તેમણે અર્બન મોબિલીટીના કામો અંતર્ગત બે કામો માટે ૫.૫૦ કરોડની ફાળવણી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી કરી છે. આમ, મુખ્યમંત્રીએ અમદાવાદ મહાનગરપાલિકાને સમગ્રતયા ૨૩૮ કામો માટે ૭૩૬.૧૦ કરોડ રૂપિયાના કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. એટલું જ નહિ, જામનગર મહાનગરપાલિકામાં પણ આંતરમાળખાકીય વિકાસ કામો માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી ૨.૭૨ કરોડ રૂપિયા વોર્ડ નં.૧૫ ગ્રીન સિટી વિસ્તારમાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજના કામો માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંજૂર કર્યા છે. મુખ્યમંત્રીએ મંજૂર કરેલા આંતરમાળખાકીય વિકાસના આ વિવિધ કામો હાથ ધરાવાને પરિણામે આ મહાનગરોમાં નાગરિક સુખાકારીમાં વૃદ્ધિ થશે.

# રાજ્યમાં કોરોનાના નવા કુલ ૨૪૫ કેસ

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતમાં કોરોનાના કેસોમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. જેના પગલે સરકાર દ્વારા રાત્રી કર્ફ્યૂ સહિતના અનેક નિયંત્રણો ઘટાડી દેવામાં આવ્યા છે. રાજ્યમાં આજે ૨૪૫ નવા કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૬૪૪ દર્દીઓ રિકવર પણ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૦૮,૬૫૭ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૮.૯૦ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રાજ્ય સરકાર રસીકરણના મોરચે પણ મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે રસીના ૧,૦૩,૩૨૧ ડોઝ અપાઈ ચુક્યાં છે.

## વાહ રે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હરાજીની હરિફાઈમાં ખૂબ ઊંચી કિંમતે ખરીદેલી દુકાનોમાં વેપાર કરવામાં વેપારીઓને મુશ્કેલી પડી રહી છે. સરકાર દુકાનની ઉપરના ભાગે બાંધકામની પરવાનગી આપતી નથી તેથી તે જગ્યા બિન ઉત્પાદરક પડી રહે છે. વળી આ શોપીંગ સેન્ટરમાં છત પર જવા માટે સીડી કે પગથિયાં જેવું કંઈ બનાવાયું નહોતુ તેથી ઉપરના ભાગે દુકાનનું રીપેરીંગ કરવા જવુ પણ શક્ય બનતું નથી. જો વેપારીઓને ઉપરના બાંધકામની મંજૂરી અપાય તો વેપારીઓનો આ પ્રાણ પ્રશ્ન ઉકેલાઈ શકે અને તેમને ઘણી રાહત થાય તેમ છે.

## વિમાન મોકલ્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નાગરિકો રામાનિયા-યુક્રેનની બોર્ડર પર પહોંચવામાં સફળ રહેશે તેમને પરત લાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. અહીંથી બુખરેસ્ટ એરપોર્ટ પરથી ભારતીય નાગરિકોને પરત લાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

આ સાથે એવી પણ વિગતો સામે આવી રહી છે કે વિદેશ મંત્રાલય દ્વારા રોમાનિયા-યુક્રેન બોર્ડર પરથી બુખરેસ્ટ એરપોર્ટ પર લાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

રિપોર્ટમાં એવી પણ વિગતો સામે આવી રહી છે કે, ૨૦ હજાર જેટલા ભારતીયો યુક્રેનમાં ફસાયેલા છે, જેઓ યુદ્ધના સમયમાં બંકરોમાં રહી રહ્યા છે. એક દિવસ પહેલા વડાપ્રધાન મોદીએ સીસીએસ બેઠક યોજી હતી. ભારતે કહ્યું છે કે યુક્રેનમાં ફસાયેલા ભારતીયો સુરક્ષિત પરત લાવવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. અગાઉના રિપોર્ટ્સ મુજબ, ભારતે નાગરિકોને પરત લાવવાના ઓપરેશન અંગે પણ વાત કરીને તમામ ખર્ચ ઉઠાવવાનું જણાવ્યું હતું.

## વિરોધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સેનાએ ફરીથી કબજો જમાવી દીધો છે. યુક્રેને આ સાથે ઈન્ટરનેશનલ ઓટોમિક એનર્જી એજન્સી (આઈએઈએ) ને જાણકારી આપી છે કે ચેરનોબિલ પરમાણુ ઉર્જા પ્લાન્ટનો વિસ્તાર હવે તેમના કંટ્રોલમાં નથી.

કિવ પાસે યુક્રેનની સેનાએ એક પુલ ઉડાવી દીધો છે. આવું તેમણે એટલા માટે કર્યું કારણ કે જેથી કરીને રશિયાની સેનાને ઘૂસતી રોકી શકાય. જો કે રશિયાના કેટલાક સૈનિકો પહેલેથી જ કિવમાં ઘૂસી ચૂક્યા છે. આ જાણકારી યુક્રેનના રાષ્ટ્રપતિએ પોતે આપી. જો કા આ રીતે યુક્રેન પર આક્રમણ કરવા બદલ હવે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન પોતાના જ ઘરમાં ઘેરાયા છે. રશિયાની રાજધાની મોસ્કો સહિત ૫૧ શહેરોમાં યુદ્ધ વિરુદ્ધ મોટા પાયે પ્રદર્શન થઈ રહ્યા છે. આ બાજુ આક્રોશિત લોકોની ભીડને નિયંત્રિત કરવા માટે મોટા પાયે પ્રદર્શન થઈ રહ્યા છે. લગભગ ૧૪૦૦ લોકોને અત્યાર સુધીમાં અટકાયતમાં લેવાયા છે.

સહયોગી વેબસાઈટ વીઓનમાં છપાયેલા એક સમાચાર મુજબ મોટી સંખ્યામાં લોકો રશિયાના રસ્તાઓ પર પ્રદર્શન કરી રહ્યા છે. ૫૧ શહેરોમાં લગભગ ૧૪૦૦ લોકોની અટકાયત થઈ છે. પોલીસે એકલા મોસ્કોમાંથી લગભગ ૭૦૦ અને સેન્ટ પીટર્સબર્ગમાંથી ૩૪૦થી વધુ પ્રદર્શનકારીઓને પકડ્યા છે. પ્રદર્શન કરી રહેલા લોકોમાંથી અનેક લોકો એવા છે જેમના પોતાના યુક્રેનમાં ફસાયેલા છે. લોકો યુદ્ધનો વિરોધ કરીને વાતચીતના માધ્યમથી મુદ્દો ઉકેલવાની માગણી કરી રહ્યા છે.

# શહેરમાં પલ્સ પોલિયો અભિયાનમાં ૫૮,૭૭૨ બાળકોને આવરી લેવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૫

૨૭મી ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર શહેરમાં ૦ થી ૫ વર્ષની આયુ ધરાવતા ૫૮,૭૭૨ બાળકોને આવરી લેવામાં આવશે.

શહેરમાં યોજાનાર પલ્સ પોલિયો અભિયાનના આયોજનની વિગતો આપતાં મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ડૉ. ગોસ્વામીએ જણાવ્યુ હતુ કે આ માટે આખા શહેરમાં ૨૨૪ બુથ ઉભા કરવામાં આવશે. ૨૫ મોબાઈલ ટીમ અભિયાન માટે બનાવવામાં આવી છે જ્યારે શહેરના ૯ જેટલા ટ્રાન્ઝીટ પોઈંટ પર પણ ટીમો તૈનાત રાખવામાં આવશે. ૧૯૯૫ થી નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત ઉજવવામાં આવે છે. આ માટે પોલિયો વેક્સિનનો જથ્થો આવી ગયો છે. તેમણે કહ્યુ હતુ કે આ અભિયાન માટે ૧૨૦૦ થી વધુ કર્મચારીઓ જોડાશે. શહેરની હદ વધતાં બાળકોના લક્ષ્યાંકમાં વધારો થયાનું પણ ડૉ. ગોસ્વામીએ સ્વીકાર્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે ૨૮ અને ૧લી માર્ચના રોજ પ્રથમ દિવસે છુટી ગયેલા બાળકોને ઘરે ઘરે ફરી બે ટીપાં પલ્સ પોલિયોના પીવડાવવામાં આવશે.

# કિશોરે રસ્તામાં મળેલી સોનુ ભરેલી બેગ માલિકને પરત કરી

## ૧૩ વર્ષના કિશોરની ઈમાનદારી : ૧૪ તોલા સોનું માલિકને પરત કરતા માલિકે કિશોરનો ધો.૧૦ સુધીનો ભણતરનો ખર્ચ ઉઠાવવાની તૈયારી બતાવી

મહેસાણા, તા. ૨૫

આજકાલ ચોરી અને લૂંટના બનાવો એટલા વધી રહ્યાં છે કે એકવાર ગુમાવેલી વસ્તુઓ પરત મળતી નથી. પરંતુ આજના જમાનામાં ઈમાનદારી જેવા શબ્દો હજી પણ છે. મહેસાણાના એક ૧૩ વર્ષીય કિશોરે એવી બહાદુરીનુ કામન કર્યુ કે ચારેતરફ તેના વખાણ વખાણ થઈ ગયા. મહેસાણામાં ૧૩ વર્ષીય શિવમ ઠાકોર નામના બાળકે ઈમાનદારી દાખવીને રસ્તામાંથી મળેલ ૧૪ તોલા સોનું મૂળ માલિકને પરત કર્યું હતું. તેના બદલામાં ખુશ થયેલા માલિકે કિશોરનો ધોરણ ૧૦ સુધીનો ભણતરનો ખર્ચ ઉઠાવવાની તૈયારી બતાવી હતી. ધાણોજના રણછોડભાઈ ચૌધરીના ૧૪ તોલા સોનાના દાગીના થોડા દિવસ અગાઉ ખોવાયા હતા. જે મહેસાણા ગોકુલધામ રેસીડેન્સીમા રહેતા શિવમ ઠાકોરને મળ્યા હતા. શિવમને રસ્તામાં સોનાના દાગીના ભરેલી બેગ મળી હતી. જેના બાદ તેણે પોતાના પિતાને આ વિશે જાણ કરી હતી. તેઓએ અખબારમાં સોનાના ગુમ થવાના સમાચાર વાંચીને પોલીસ સ્ટેશનમાં સંપર્ક કર્યો હતો અને પોલીસ સ્ટેશને જઈને સોનાના દાગીના સુપરત કર્યા હતા. ૧૩ વર્ષીય શિવમ ઠાકોર ધોરણ ૭મા અભ્યાસ કરે છે. ત્યારે આવા ઈમાનદાર બાળકની દરિયાદિલી જોઈએ રણછોડભાઈએ તેના ધોરણ ૧૦ સુધીનો ભણતરનો ખર્ચ ઉઠાવવાની જાહેરાત કરી હતી.

દાગીનાના માલિક રણછોડભાઈએ કહ્યું કે, બાળકને કારણે અમારા દાગીના અમને પાછા મળી ગયા. બાળકનો પ્રભાવ એવો અમારા પર પડ્યો કે, અમે ખુશ થઈ ગયા. અમારુ છાત્રાલય ચાલે છે, તેમાં હુ બાળકને ધોરણ ૧૦ સુધી ભણાવીશ.

પોલીસ સ્ટેશનના પીઆઈ જેએસ પટેલે કહ્યું કે, થેલી શિવમને મળી હતી. તેણે પિતા અને ઘરના લોકોને વાત કરી હતી. તેઓએ વિચાર્યુ કે, બીજા કોઈની વસ્તુ આપણે લેવી ન જોઈએ. બીજા દિવસે તેમણે પેપરમાં જોયુ કે, સોનુ ગુમ થયાના સમાચાર આવ્યા છે. તેથી તેઓએ અમારો સંપર્ક કર્યો હતો. બાળકનો હુ આભાર માનુ છુ કે, તેણે અને તેના પિતાએ આવી પ્રામાણિકતા બતાવી. કિશોર શિવમ ઠાકોરે કહ્યું કે, મને બેગ મળી હતી, તો મેં મારા પિતાને કહ્યું. ઘરે આવીને જોયુ કે તેમાં દાગીના છે. બેત્રણ દિવસ અમે રાહ જોઈએ. પછી પેપરમાં આવ્યુ ત્યાર બાદ અમે પોલીસનો સંપર્ક કર્યો.

# એવન્યુ સુપરમાર્કેટ્સ લિમિટેડ (ડી-માર્ટ) ગિફ્ટ સિટીમાં સ્ટોર ખોલશે

દેશવ્યાપી સુપરમાર્કેટ ચેઈન ડી-માર્ટના માલીક અને સંચાલક એવન્યુ સુપરમાર્કેટ્સ લિમિટેડ ભારતના પ્રથમ ઓપરેશનલ સ્માર્ટ સિટી ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી) અને ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર (આઈએફએસસી)માં સ્ટોર ખોલવા માટે સજ્જ છે. કંપનીને તાજેતરમાં ગિફ્ટ સિટીમાં સ્ટોર વિકસાવવા માટે ડેવલપમેન્ટ રાઈટ્સ આપવામાં આવ્યાં છે.

ડી-માર્ટ સ્ટોરનો પ્રારંભ સ્માર્ટ સિટીમાં કામ કરતાં અને રહેતાં લોકોની અનુકૂળતામાં નોંધપાત્ર ઉમેરો કરશે. ઉલ્લેખનીય છે કે ગિફ્ટસિટીમાં પહેલેથી જ ફાઈનાન્સિયલ, બેંકિંગ, ઈન્સ્યોરન્સ, કેપિટલ માર્કેટ્સ, ટેકનોલોજી, ફિનટેક, આઈટી સેક્ટર્સમાં વિશ્વની અગ્રણી કંપનીઓ કામગીરી ધરાવે છે.

ગિફ્ટ સિટીના એમડી અને ગ્રૂપ સીઈઓ તપન રે એ કહ્યું હતું કે "ગિફ્ટ સિટી દ્વારા ઓફર કરાતી એકીકૃત ઈકોસિસ્ટમમાં ડી-માર્ટનો ઉમેરો બળ આપશે કે જ્યાં લોકો સારી જીવન ગુણવત્તા સાથે વોક-ટુ-વર્ક કલ્ચરનો આનંદ ઉઠાવે છે. આ નોંધપાત્ર ડેવલપમેન્ટ છે કારણકે તે ગિફ્ટ સિટીમાં રહેતાં લોકોની દૈનિક જરૂરિયાતોને પૂર્ણ કરશે."

આ દરમિયાન એવન્યુ સુપરમાર્કેટ્સ લિમિટેડ (ડી-માર્ટ)ના સીઓઓ એન. ભાસ્કરને કહ્યું હતું કે "દેશના અર્થતંત્રને મજબૂત કરવાની ગિફ્ટ સિટીની કામગીરીમાં ભાગીદાર બનતાં ડી-માર્ટ ગર્વ કરે છે. અમને વિશ્વાસ છે કે નવો સ્ટોર ગિફ્ટ સિટીના ઈન્ટિગ્રેટેડ ડેવલપમેન્ટ મોડલમાં યોગદાન આપશે. અમે પ્રોડક્ટ્સની વિશાળ શ્રેણી સાથે ગ્રાહકોને બેજોડ ખરીદીનો અનુભવ પ્રદાન કરવા સજ્જ છીએ."

# બનાવટી દસ્તાવેજો બનાવી દુકાન પચાવવાનો પ્રયાસ

દુકાનના માલિકને જ બનાવટી દસ્તાવેજોના આધારે ડરાવી ધમકાવી કબજો મેળવવાની કોશિશ કરનાર લાકડા ગેંગના મુખ્ય સાગરીત વિરુદ્ધ અમરાઈવાડી પોલીસે ગુનો નોંધી બે આરોપીની ધરપકડ કરી છે. સાથે બનાવટી દસ્તાવેજ ક્યાં બનાવ્યા તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. જોકે આ ગુનામાં ફરાર અન્ય બે આરોપીની શોધખોળ હાથ ધરી છે.

અમરાઈવાડી પોલીસની કસ્ટડીમાં રહેલા આરોપીઓના નામ યોગેશ ગુપ્તા અને શ્રીકાંત ઉર્ફે લાલો છે. જે બંને લાકડા ગેંગ સાથે સંકળાયેલ છે. યોગેશ ગુપ્તા લાકડાંનો મુખ્ય સાગરીત છે. પરંતુ પોલીસે આરોપીઓની ધરપકડ અન્ય કોઈ જુના ગુનામાં નહીં પરંતુ તાજેતરમાં જ નોંધાયેલા છેતરપિંડી અને બનાવટી દસ્તાવેજ બનાવવાના ગુનામાં કરી છે. એટલે કે આરોપી યોગેશ ઉર્ફે દાદા ગુપ્તાએ અમરાઈવાડીના પિલ્લર નંબર ૫૫ સામે આવેલી દુકાનના મૂળ માલિક સંદિપ ગુપ્તાને ડરાવી બનાવટી દસ્તાવેજોની મદદથી દુકાન પર કબ્જો મેળવવા માંગતો હતો.

બનાવટી દસ્તાવેજો અંગે તપાસ કરતા હકીકત સામે આવી કે, સંદીપ ગુપ્તાએ આ દુકાન ૧૭ જાન્યુઆરીના રોજ દુકાનના મૂળ માલિક નારાયણ સિંહ ચૌહાણ પાસેથી ખરીદી હતી. જે દુકાનના ડોક્યુમેન્ટ જોવાના બહાને તેના ફોટા પાડી તેના આધારે બનાવટી દસ્તાવેજો બનાવી તેને આગની જ્વાળા પાસે રાખી પેપરના પીળા બનાવીને જુના હોવાનો ડોળ કર્યો હતો.